પેશાવરના નિર્દોષ બાળકોનો શું વાંક..?

ટોક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા. ૧૬

આંતકવાદીઓને કોઈ ધર્મ, કોઈ જ્ઞાતિ હોતી નથી તે ફરી એકવાર સાબીત થયું છે. પાકિસ્તાનના પેશાવરની આર્મી સ્કૂલ પર હૂમલો કરી નિર્દોષ બાળકોને રહેંશી નાંખનાર આંતકવાદીઓ પર સમગ્ર વિશ્વમાંથી ફિટકાર વરસી રહ્યો છે. દેશ-દેશ વચ્ચેની, પ્રદેશ-પ્રદેશ વચ્ચેની, ધર્મ-ધર્મ વચ્ચેની અને જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેની લડાઈમાં માસુમ બાળકોનો શું વાંક હતો.. જે બાળકો ઈશ્વર-અલ્લાહનું સ્વરૂપ ગણાય છે તેવા નાનકડા બાળકોને મોતને ઘાટ ઉતારતી વખતે આંતકવાદીઓનું દિલ એક મિનિટ માટે પણ હલ્યુ નહી હોય...

બદલાના નામે પાકિસ્તાનના પેશાવરની આર્મી સ્કૂલ પર ૬ આંતકવાદીઓએ હિચકારો હૂમલો કરી ૧૦૦ થી વધુ બાળકોને મોતને ઘાટ ઉતારી દીધા. આ હિચકારો હૂમલો આજે ટોક ઓફ ધ ટાઉન બની રહ્યો હતો. જન્નતનશીન થયેલા માસુમ બાળકો માટે સૌએ શોકની લાગણી વ્યક્ત કરી હતી. આંતકવાદ સમગ્ર વિશ્વ માટે હવે ખતરારૂપ બની રહ્યો છે. પેશાવરમાં આર્મી સ્કૂલ પર થયેલા હૂમલાએ ફરી એકવાર સાબીત કરી આપ્યું છે કે આંતકવાદને કોઈ ધર્મ, કોઈ નાત-જાત નથી. એક બીજા પર આધીપત્ય જમાવવાની લડાઈમાં બાળકોનો ભોગ લેવાયો તે સૌથી ઘૃણાસ્પદ બાબત છે. સવારે પુસ્તકો અને લંચબોક્સ લઈને શાળાએ ગયેલા બાળકો હવે ક્યારેય પાછા નહી આવે. જરા વિચાર તો કરો આંતકવાદી હૂમલામાં માર્યા ગયેલા બાળકોના મા-બાપની કેવી હાલત હશે..! જે બાળકો બચી ગયા છે અને જેમણે પોતાના મિત્રો, ક્લાસ મેટ્સ, સ્કૂલ મેટ્સને લોહીથી ખરડાયેલી હાલતમાં જોયા હશે તેમની માનસિક હાલત કેવી હશે...? તેઓના મન પર શુ અસર થઈ હશે. આ હૂમલાના સાક્ષી બનનારા, ભોગ બનનારા માસુમ બાળકો મોટા થઈ પોતાના પર વિતેલી ઘટનાનો

● અનુસંધાન પાન-૭ પર

મનપાના વે-બ્રીજનું લોકાર્પણ

વે બ્રીજ માટે સાત જુદા જુદા દર ખાનગી વાહનો માટે નિયત કરાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત વે બ્રીજનું આજે સાદા છતાં દબદબાભર્યા વાતાવરણમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે તેમજ મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરી તેમજ અધિકારીઓ અને કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વે બ્રીજ પર ખાનગી વાહનો માટેના દર નિયત કરી અને તેની ઘોષણા કરવામાં આવી હતી. સાત જુદા જુદા દર ખાનગી વાહનો માટે જે નિયત કરાયા છે તે રૂ. ૧૫ થી લઈ અને રૂ. ૧૫૦ સુધીના છે.

હાથલારી, પેડલ રીક્ષા માટે રૂ. ૧૫ તેમજ લોડીંગ રીક્ષા અને ઊંટલારી માટે રૂ. ૩૦, ટ્રેલર રીક્ષા, છ ટાયરવાળી ટ્રક, ટ્રેક્ટર, દશ ટાયરવાળુ ટ્રક, બાર ટાયરવાલી ટ્રક, આઈવા તથા ૪૦ ગ્રોસ વાળુ ટરકર સહિતના ભાવ નિયત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ પાંચ માસના ટુંકાગાળામાં જ વે બ્રીજ કોમ્પ્યુટરાઈઝડ બનાવ્યો છે. રૂ. ૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલ આ વે બ્રીજ પરથી આવક મેળવવા ઉપરાંત કચરાના નિકાલ માટે જતી ટ્રકોના વજનની વિગતો મેળવવાનો નિર્ણય કરાયો છે.

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ જહોન કેરી વાયબ્રન્ટ સમિટમાં આવશે

ભારતના વિવિધ રાજ્યોના ૨૦ મુખ્યમંત્રી પ્રવાસી ભારતીય દિનના મહેમાન બનશે

ગાંધીનગર, તા.૧૬

ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના આમંત્રણને સ્વિકારી વિશ્વના એક પછી એક રાજનેતાઓ ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવા માટે તૈયાર થયા છે. સંયુક્ત રાષ્ટ્રના વડા બાન કી મૂન પછી હવે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ જહોન કેરીએ પણ હાજરી આપવાની સંમતિ આપી દીધી છે.

જહોન કેરી એ યુનાઈટેડ સ્ટેટ્સના ૬૮માં સેક્રેટરી છે. જહોન કેરી ઓગષ્ટ મહિનામાં ભારતની મુલાકાતે આવ્યા હતા તે સમયે તેમને વાયબ્રન્ટ સમિટમાં હાજરી આપવા અંગેનું આમંત્રણ આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. જહોન કેરીની સાથે યુએસ ઈન્ડસ્ટ્રીઝ અને ગવર્નમેન્ટના ઓફસરોનું એક ડેલિગેશન પણ જોડાશે.

કાઉન્ટ ડાઉન વાયબ્રન્ટ સમિટ

વાયબ્રન્ટ સમિટમાં યુએનના મહાસચિવ બાન કી મૂન હાજરી

આપવાના છે, તેઓ ૧૦મી જાન્યુઆરીએ ગાંધીનગર આવી પહોંચશે. તેમની ગુજરાત યાત્રા દરમ્યાન તેઓ સાબરમતી ગાંધી આશ્રમ અને રિવરફ્રન્ટની મુલાકાત લેવાના છે. ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ડેન્માર્કના વડા-ધાન હેલે થોર્નિંગ, નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રૂચ, જાપાનના વડાપ્રધાન શીન ઝો એબે તથા સિંગાપુરના વડાપ્રધાન ટ્રેશિંગ ટોબગે ઉપરાંત ઓસ્ટ્રેલિયાના વડા ટોની એબોટ પણ ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે આ વાયબ્રન્ટ સમિટમાં કેનેડા, ઈંગ્લેન્ડ, હોલેન્ડ, જાપાન, સિંગાપુર, ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ અને અમેરિકા મળીને કુલ આઠ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે જોડાઇ રજ્ઝા છે. તાજેતરમાં જ અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સનું એક પ્રતિનિધિમંડળ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળ્યું હતું જેમાં યુએસ કોન્સ્યુલ જનરલ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ઠંડી ઘટી : પારો ૧૦ ડિગ્રી

ગાંધીનગર, તા.૧૬

રાજયના પાટનગર ગાંધીનગર સહિત રાજયભરમાં તાપમાનનો પારો એક સાથે ૬ ડિ.સે. ગગડતા નગરજનોએ આજે આકરી કાતિલ ઠંડી અનુભવી હતી. રાજયમાં નળીયા બાદ ગાંધીનગરમાં સૌથી વિક્રમી નીચું તાપમાન નોંધાયું હતું. જો કે બે દિવસની આક્રમક ઠંડી બાદ આજે લઘુત્તમ તાપમાનનો પારો ૬ ડિ.સે. થી વધી ૧૦ ડિ.સે. થતા ઠંડીના તાપમાનમાં પારો ૪ ડિ.સે. વધ્યો હતો તેમ છતાં પણહજુ પવનો સાથે સુકી ઠંડીની અસર નગરજનો અનુભવી રહ્યા છે. પરિણામે ઠંડીની અસરને બદલે જનજીવન પર માઠી અસર થઈ રહી છે.

ઉત્તર ભારતમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળતા પશ્ચિમ ભાગોમાં તેની સીધી અસર જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસમાં વાતાવરણમાં આવેલા ફેરફારને લીધે ઠંડીનો પારો સતત નીચે ગગડતા હાડ થીજવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઠંડા પવનો સાથે સુકી ઠંડી પડતા નગરજનોને ઠુંઠવવાનો વારો આવ્યો છે. બે દિવસ અગાઉ રવિવારે ઠંડીનો પારો ૧૨ ડિ.સે. હતો જેમાં અચાનક જ સોમવારે પારો એક સાથે ૬ ડિ.સે. નીચે નોંધાયો હતો. આથી છેલ્લા બે દિવસમાં સાંજ ઢળતા જ નગરજનોએ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યુ હતું અને ના છૂટકે ઘર બહાર નીકળતા લોકોએ સ્વેટર, ટોપી સહિતના ગરમ કપડા લપેટી વાહન પર લોકો નજરે પડયા હતા. ત્યારે બે દિવસ બાદ આજે લઘુત્તમ તાપમાનનો પારો ૬ ડિ.સે. થી વધીને ૧૦ ડિ.સે. પહોચી ગયો છે. આથી કાતિલ અને સુસવાટા મારતી ઠંડીથી નગરજનોને થોડી રાહત થઈ છે. પરંતુ સવારમાં ૭૨ ટકા અને સાંજે ૩૧ ટકા વાતાવરણમાં ભેજ નોંધાતા ઠંડીની અસરમાં સામાન્ય ઘટાડો થયો. જો કે તેમ છતાં નાગરિકો હાલ પણ સિઝનની આખરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. અને આક્રમક ઠંડીથી બચવા અવનવા નૂસખાઓ અને જુગાડ કરી રહ્યા છે.

આગામી દિવસોમાં કાતિલ ઠંડી પડવાની આગાહી સામે નગરજનોએ હજુ વધુ ઠંડી સહન કરવાનો વારો આવશે.

વાયબ્રન્ટમાં ફરજ બજાવનાર અધિકારી-કર્મચારી માટે પણ ડ્રેસ કોડ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટમાં પોલીસ કર્મીઓ બાદ અધિકારીઓ અને કર્મચારીઓ માટે અલગ ડ્રેસ કોડ નિયત કરવામાં આવ્યો છે.

વાયબ્રન્ટ સમીટમાં ફરજ બજાવનાર અધિકારીઓ અને કર્મચારીઓ માટે પણ વિશેષ ડ્રેસ કોડ રહેશે. આ અધિકારીઓ અને કર્મચારીઓ પણ શુટમાં સજ્જ હશે. તેમજ દરેક અધિકારી-કર્મચારીને આ માટે વિશેષ નેઈમ પ્લેટ તેમના હોદ્દા સાથેની લગાવવાની રહેશે. મહિલા અધિકારી કર્મચારી પણ શુટમાં જ સજ્જ હશે.

આ વાયબ્રન્ટ સમીટમાં દેશ-વિદેશના મહેમાનો મોટી સંખ્યામાં આવી રહ્યા હોવાથી સરકાર દ્વારા પણ તે અંગેની તૈયારીઓ પૂર જોશમાં ચાલી રહી છે. આ સમીટ ઉપરાંત પ્રદર્શન સ્થળે પણ ફરજ બજાવનાર અધિકારીઓ-કર્મચારીઓ તેમના વિશેષ ડ્રેસ કોડ સાથે જ ફરજ બજાવશે.

હાઈસ્કૂલમાં આચાર્યની ભરતી માટે ૨૦મીએ એચ ટાટ પરીક્ષા

જિલ્લામાંથી ૧૨૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે : ૨૧મીએ બિનસચિવાલય કારકુન માટે પણ પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૨૦ ડિસેમ્બરના રોજ એચ-ટાટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાંથી ૧૨૦૦ ઉમેદવારો આ પરીક્ષા આપશે. ગ્રાન્ટેડઈન શાળામાં આચાર્યની નિમણૂંકો માટે આ પરીક્ષા લેવાશે. આ ઉપરાંત આગામી તા. ૨૧ ડિસેમ્બરના રોજ બિનસચિવાલય કારકુનની ભરતીને અનુલક્ષી ગૌણ સેવા પસંદગી મંડળ કક્ષાએથી પણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

હાઈસ્કૂલમાં આચાર્યાની નિમણૂંકને અનુલક્ષી આગામી સપ્તાહમાં એચ-ટાટની પરીક્ષા લેવામાં આવશે. જિલ્લામાંથી ૧૨૦૦ ઉમેદવારો આ પરીક્ષામાં બેસશે. જ્યારે પરીક્ષાને અનુલક્ષી શહેરમાં ત્રણ કેન્દ્રો પર કાર્યવાહી હાથ ધરાશે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે માટે ઓબ્ઝર્વર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

કૃષિ પેકેજને કિસાન સંઘનો આવકાર : આંદોલન યથાવત

ખેડૂતોની મુળભૂત માંગણીઓ માટે આંદોલન યથાવત રાખવાની જાહેરાત સાથે ધારાસભ્યોના ઘરે ૨૨મીએ ધરણા

ગાંધીનગર, તા. ૧૬

કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે આંદોલને ચઢેલા ખેડૂતો માટે રાજ્ય સરકારે કૃષિ પેકેજ જાહેર કર્યુ છે. જેને કિસાન સંઘે આવકાર આપ્યો છે. જો કે આ પેકેજથી કિસાનો સંપૂર્ણ રીતે ખુશ નથી અને અન્ય કેટલીક માંગણીઓ સંદર્ભે કિસાનસંઘે આંદોલન યથાવત રાખવાની જાહેરાત કરી છે.

ભારતીય કિસાન સંઘે એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે સંઘ દ્વારા ચલાવાયેલા કપાસ સહિતના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો અને અન્ય કૃષિ સંબંધિતવિભાગોની પડતર માંગણીઓના કાયમી ઉકેલ માટેના આંદોલનના સંદર્ભમાં રાજ્ય સરકારે જાહેર કરેલ સમગ્ર ગુજરાતના કિસાનોના હિતને ધ્યાને લઈ સર્વગ્રાહી કૃષિ પેકેજની ૧૧૦૦ કરોડ રૂ.ની સહાયની જાહેરાત કરી છે. જેને ભારતીય કિસાન સંઘે આવકારીને મુખ્યમંત્રીશ્રી તેમજ સરકારને અભિનંદન આપે છે. પરંતુ થયેલ જાહેરાતમાં પૂર્તતા કરવા અને અન્ય પડતર પ્રશ્નો કેટલાક મુદ્દાઓના સમાવેશની રજૂઆત સાથે આંદોલનના કાર્યક્રમો યથાવત રાખવાનો નિર્ણય મોડી સાંજે મળેલ કોર કમિટીની બેઠકમાં થયો હતો અને જેની જાણ મુખ્યમંત્રીશ્રી અને સંબંધિત મંત્રીશ્રીઓને કરવામાં આવી છે.

વર્તમાનમાં વિરોધ પક્ષના કેટલાક આગેવાનો દ્વારા થયેલ સંઘ વિરોધી નિવેદનોને ભારતીય કિસાન સંઘ વખોડી કાઢે છે. જેમને ભારતીય કિસાન સંઘની વિચારધારા કેપૂર્ણ સમજ છે જ નહીં. સંગઠન તો ૩૦ વર્ષથી ગુજરાતના તમામ કિસાનોના સુખદુઃખની સાથે અનેક રચનાત્મક કાર્યક્રમો લઈને નિત્ય-સિદ્ધ સ્થાપી સંગઠનની દિશામાં કટીબદ્ધ છે.

રાજ્યના તમામ કાર્યકરો અને કિસાનોએ જાહેર થયેલા કાર્યક્રમો યોજનાપૂર્વક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સફળ બનાવવા અપીલ કરવામાં આવે છે.

સેક્ટર-૨૩-૨૪માં સવારે ડહોળુ પાણી આવતુ હોવાની બુમરાણ

પાણી સીધું જ પીવામાં બિન ઉપયોગી, ડહોળાટને ઠરવા દીધા પછી જ પાણી વપરાશ યોગ્ય બને છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૨૩ અને ૨૪માં છેલ્લા બે ત્રણ દિવસથી સવારે ડહોળુ પાણી આવતુ હોવાની બુમરાણ મચી છે. વધુમાં વાઈબ્રન્ટ સમિટ જ્યાં આયોજીત છે તેની નજીકના જ આ સેક્ટર હોવાથી પાણી અને તંત્રએ સજાગતા દાખવવા અત્યારથી જ કાર્યવાહી કરવી જોઈએ

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

બુમરાણ મચી છે. આવતા પાણીનો વપરાશ તદ્દન બિન ઉપયોગી બન્યો હોવાથી તેને થોડો સમય ઠરવા દેવુ પડે છે. જેમાં સવારે સમયનો ભારે વ્યય થતો હોવાની સમસ્યા પણ ઘેર ઘેર ઉભી થઈ છે. જો કે આ ડહોળુ આવતુ પાણીમાં શું મિશ્રણ થઈને આવે છે તે પણ એક સવાલ ઉભો થયો છે. જેથી નગરજનો આ પાણી દુષિત હોવાની શંકા પણ વ્યક્ત કરી રહ્યા છે.

પાટનગરમાં વાઈબ્રન્ટ સમિટ અન્વયે નગરને દુલ્હનની જેમ સજાવી ધજાવીને તૈયાર કરાઈ રહ્યું છે. ત્યારે તંત્ર મૂળભૂત બાબતો પ્રત્યે અજાણ રહી જશે તેવો ભય પણ નગરજનોને સતાવી રહ્યો છે. નગરને પૂરા પડાતા પીવાના પાણીની શુદ્ધતા અને ચોકસાઈ હાલના સંજોગોમાં મોખરે હોવી જોઈએ તેવું સર્વત્ર ચર્ચાઈ રહ્યું છે. જેમાં સેક્ટર-૨૩ અને ૨૪માં ડહોળુ પાણી આવતુ હોવાની તેવું લાગી રહ્યું છે.

હાલ સેક્ટર-૨૩ અને ૨૪માં વહેલી સવારે આવતા પીવાના પાણીમાં વધુ પડતો ડહોળાટ જણાઈ રહ્યો છે. આ પાણીને સીધા જ વપરાશમાં ન લઈ શકાય તેવું દેખાઈ રહ્યું છે. તેમજ આ પાણીમાં શુ મિશ્રણ થઈને આવી રહ્યું છે તે જાણી શકાતુ ન હોવાથી પીવામાં આ પાણીનો ઉપયોગ કરવો કે ન કરવો તે પણ મુંજવણ ઉભી થઈ છે. જો કે આ પાણી થોડો સમય ઠરવા દેતા ડહોળાટ ઠરી જાય છે અને પાણી ચોખ્ખુ દેખાય છે. પરંતુ સવારે એક તરફ બાળકોને શાળાએ મોકલવા, નોકરી-ધંધે જવું તે દરમ્યાન એક જ ટાઈમ આવતા પાણી પાછળ સમયનો વ્યય કરવો તે ગૃહીણીઓ માટે કપરૂ બન્યું છે. જેથી સત્વરે આ અંગે યોગ્ય ચકાસણી હાથ ધરી સ્વચ્છ પાણી સેક્ટરમાં પુરૂ પડાય તેવી માંગ સેક્ટરના રહીશોએ કરી છે.

સરકારનું કૃષિ સહાય પેકેજ માત્ર એક ડીંડક છે : શંકરસિંહ

ગાંધીનગર, તા.૧૬

કપાસ અંગે રાજય સરકારે જાહેર કરેલ પેકેજ એ ભાજપ સરકારનું ડીંડક છે. સ્ટંટ બાજી છે એવો આક્ષેપ કરતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આવા તોઈ પેકેજની માંગણી કયારેય કોઈની હતી નહી અને કરી પણ ન હતી.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કપાસ અંગે જાહેર કરેલ ૧૧૦૦ કરોડના પેકેજ માટે આખરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે કિસાનસંઘે પાછલા બારણેથી સરકાર સાથે મીટીંગ કરી ખેડૂત આલમ સાથે છેતરપીંડી કરી છે. હકીકતમાં ખેડૂતોની માંગણી ટેકાના ભાવ એટલે કે મીનીમમ સપોર્ટ પ્રાઈઝ કરે અને સી.સી.આઈ. દ્વારા સરકાર ખરીદી કરે તેવી છે. આ સરકાર જુઠી છે. એટલા માટે એમ કહે છે કે અમને કિસાન સંઘ સિવાય કોઈએ રજુઆત કરી નથી. આ હકીકત ખોટી છે.

તેમણે જણાવ્યું હતું કે ગત વિધાનસભાના સત્ર દરમિયાન અમોએ વિરોધપક્ષ તરીકે કપાસના ફુલ અને કાલાના હાર ગળામાં ભરાવીને વિધાનસભા ગૃહમાં જઈ રજુઆત અને પ્રદર્શન કરી કપાસના ટેકાના ભાવ એમએસપી કરી રૂ. ૧૫૦૦નો ભાવ ખેડૂતોને મળે તેમજ સીસીઆઈના માધ્યમ દ્વારા ખરીદી સરકારે કરવી જોઈએ તેવી માંગણી કરી વોકઆઉટ પણ કરી ગયા હતાં.

ગુજરાતમાં ભાજપના રાજમાં ખેતી અને ખેડૂતો બરબાદ થઈ ગયા છે. ખેડૂતો કપાસ જ નહી પરંતુ ડાંગર, મગફળી, શેરડી વગેરે પાકોના પોષણક્ષમ ભાવ અંગે ખેડૂતો જબરજસ્ત દુઃખી છે. ગુજરાતમાં ખેડુતોના આપઘાત થઈ રહ્યા છે. પહેલા તો વિદર્ભમાં થતા હતાં પરંતુ આજે વિદર્ભમાં તો થઈ જ રહ્યા છે. ગુજરાતમાં પણ ખેડુતોના આપઘાતના બનાવો વધી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોને વીજળી પૂરતા પ્રમાણમાં આપતી નથી ૬ થી ૧૦ લાખ ખેડૂતો વીજ કનેકશન માટે વેઈટીંગ લિસ્ટમાં છે ત્યારે ૫૦ ટકા વીજબિલમાં રાહત આપવાના છે તે કોને આપવાના છે? એક તરફ કૃષિ લોનની વાત કરવામાં આવે છે અને બીજી બાજુ બહાર એમ કહેવામાં આવે છે કે ગુજરાતનો ખેડૂત સુખી છે અને મારૂતિમાં ફરે છે તો પછી કૃષિ લોનની વાત ક્યાંથી આવી? આ પણ ભાજપનું એક નાટક જ છે.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com